# મુક્તિનાથ

મહાભારતનું મનોરૂપ
ભાણદેવ



બાળક તો આટલું કહીને ચાલ્યો ગયો અને અમે બંને પણ તેની દાદીમાનાં દર્શન માટે નીકળ્યા. બાજુનાં ખેતરમાં તેમનું ઘર છે. આપણે ત્યાં જવાનું છે. મારી અનભિવ્યક્ત પ્રાર્થનાનો જાણે પ્રત્યુત્તર મળી ગયો.

અમે બંને નીકળ્યા. લામાજી અમારા માર્ગદર્શક છે. બાજુમાં જવામાં શી વાર લાગે? અમે નીકળ્યા, તેવા જ પહોંચ્યા.

દાદીમાએ ઊભાં થઈને, હાથ જોડીને અમારું સ્વાગત કર્યું. અમને ઘરમાં દોરી ગયાં. ઘરમાં એક નાનું સરખું મંદિર પણ છે. ભગવાન બુદ્ધ અને દુર્ગામાતાની મૂર્તિઓ છે.

માતાજીએ બે હાથ જોડીને અમને કહ્યું, "અમને ધર્મમાં ખૂબ ભાવ છે; પરંતુ આવડત નથી, સમજણ નથી. આપ અમારું કાંઈક માર્ગદર્શન કરો."

લામાજીએ મારી સામે જોયું, એવી અપેક્ષા સાથે કે આ દાદીમાને ધર્મની સમજ મારે આપવી. મારે માટે તે અનધિકાર ચેષ્ટા ગણાશે. મેં હાથથી તેમને જણાવ્યું "આપ જ ઉત્તર આપો."

તદનુસાર તેમણે પ્રારંભ કર્યો :

"નિર્વાણ આપણા પુરુષાર્થથી સિદ્ધ કરવાનો છે. કોઈની કૃપાથી નહિ. નિર્વાણનો પથ ટૂંકમાં આ પ્રમાણે છે :

1. ૐ મણિ પદ્મે હુમ્ આ મંત્રનો જપ કરો.
2. પંચશીલનું પાલન કરો.
3. અવધાન અર્થાત્ જાગૃતિયુક્ત જીવન જીવો.
4. વજ્રયાન પરંપરાનાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા રહો.
5. ભગવાન બુદ્ધની ઉપાસના કરો.

આપણે વજ્રયાનીઓ છીએ. આપણા માટે નિર્વાણનો આ જ માર્ગ છે.

થોડી વારમાં દાદીમાના પતિ, દાદાજી પણ આવ્યા. તેઓ પણ બેઠા. પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રોનો મોટો પરિવાર છે. સૌ આવીને બેસી ગયાં. કોઈએ પ્રશ્નો પણ પૂછ્યા અને લામાજીએ ઉત્તરો પણ આપ્યા. આખરે દાદીમાએ અમને બંનેને યાકના દૂધમાંથી બનાવેલું દહીં ખવડાવ્યું. અમે સૌની રજા લઈને વિદાય લીધી.

કાલ્પાની મારી યાત્રા આ રીતે પરિપૂર્ણ થાય છે. હવે મારે કિન્નરોના દેશના અન્ય વિસ્તારમાં જવું છે.

પોખરાના અતિથિગૃહના અમારા ઓરડાના બારણે રાત્રે અગિયાર વાગે ટકોરા પડ્યા.

"સ્વામીજી! સ્વામીજી! અલમોડાસે આપકે લિયે ફોન હૈ."

રિસીવર મારા કાન પર ગોઠવાયું.

"હરિ ઓમ! અલમોડાસે દિવા બોલ રહી હૂં."

"હરિ ઓમ! કહો બેટી! ક્યા બાત હૈ?"

"આપ પોખરાસે મુક્તિનાથ જાયેંગે ન?"

"હાઁ, કલ હી જા રહે હૈં."

"મેરી સાસમા કહ રહી હૈ આપ ઉનકે લિએ એક અચ્છા શાલિગ્રામ લાના."

"ઠીક હૈ. અવશ્ય લાઉંગા."

"ઔર સુનિયે. શીતકાલકા પ્રારંભ હો ગયા હૈ. આપ જોમસુમ તક પ્લેનસે હી જાના. મુક્તિનાથ મેં જ્યાદા રૂકના નહિ. ઔર વાપિસ આતે સમય ભી પ્લેનસે હી આના."

**મુક્તિનાથની આજુબાજુના દશ યોજનના વિસ્તારને શાલિગ્રામક્ષેત્ર અને મુક્તિક્ષેત્ર ગણવામાં આવે છે આ મુક્તિ ક્ષેત્રમાં માત્ર બૌદ્ધ જ વસે છે**

"અચ્છી બાત. ઐસા કરેંગે, ઔર કુચ્છ?"

"બસ ઈતના હી. હરિ ઓમ."

"હરિ ઓમ."

પોખરાથી ઊપડેલું અમારું નાનકડું વિમાન પહાડોની બે ઉત્તુંગ હારમાળાઓની વચ્ચેથી પસાર થઈ રહ્યું છે. વિમાન ઊંચે ને ઊંચે ઊડી રહ્યું છે, પણ પહાડોનાં શિખરોથી ઉપર જતું નથી. બંને બાજુની પર્વતમાળા કાળા પથ્થરનાં અણીદાર શિખરોની પંક્તિઓ જેવી છે. શિખરો એટલાં ઊંચાં છે કે વિમાન તેમને અતિક્રમી શકતું નથી અને શિખરો એટલાં નજીક-નજીક છે કે અમારું આ ટચૂકડું વિમાન જાણે જાળવી-જાળવીને, સંકોચાતું-સંકોચાતું આગળ વધી રહ્યું છે.

પોખરાથી જોમસુમ ચાલીને જઈએ તો સાત દિવસનો રસ્તો છે.

અમારા મનમાં આ રસ્તે ચાલીને જવાનું જ આયોજન હતું; પરંતુ દિવાળી પછીના આ દિવસો છે. શિયાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ વિસ્તારમાં લગભગ બારેય માસ કાતિલ ઠંડો પવન ફૂંકાતો હોય છે અને શિયાળામાં તો પૂછવું જ શું? વળી, દિવાબહેનનો સ્નેહાદેશ પણ મળી ચૂક્યો છે. અમે આ આયોજન બદલીને વિમાનમાં બેઠા છીએ. અમારા આ ટચૂકડા વિમાને સાત દિવસની પદયાત્રા ઊડીને સત્તર મિનિટમાં પૂરી કરી.

(ક્રમશઃ)

# ધર્મક્ષેત્રે દેવવ્રત મહેશ રેખેની ઐતિહાસિક ઉપલબ્ધિ

સંસ્કૃતિ દર્શન
સનત દવે



વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ ચીનની સંખ્યાને વટાવી દઈ ભારત આજે પ્રથમ ક્રમે છે. વસ્તી વધવાની સાથે નવા જનરેશનનો બૌદ્ધિક વિકાસ જે વધ્યો છે તે આધુનિક ટેક્નોલોજીને આધારિત હોવા છતાં સનાતની સમાજમાં ધાર્મિકતા વધી છે. એક માન્યતા એવી પણ છે કે લોકોમાં ધર્મ પરંપરાને અનુસરવાની માનસિકતા પ્રવર્તક વાતાવરણ ઉપર આધાર રાખે છે. પહેલાં લોકો ધર્મને નહોતા માનતા એવી વાત નથી પણ સ્વતંત્રતા પછીનાં 60 વર્ષ અને છેલ્લાં 10-15 વર્ષની સરેરાશમાં જે તફાવત તજજ્ઞોએ જણાવ્યો તે આશ્ચર્યચકિત કરે એવો છે. પહેલાં જે પરોક્ષ રીતે સનાતનીઓને અન્યાય થતો તે 11 વર્ષની સર્વધર્મને સમ્માન આપતી સરકારની નીતિઓ સનાતનીઓને પણ ઉપકારક લાગી છે. 50 થી વધુના લોકો જૂની પેઢીના ગણાય એટલે ધાર્મિકતા હોવી સાહજિક છે પણ બાળકો અને યુવા વર્ગને પણ ધર્મ પ્રત્યેનું વિશેષ આકર્ષણ જોવા મળે છે. જો કે તે જરૂરી પણ છે. ભણો, રમો, આનંદ કરો, ટીવી સિનેમા અને મોબાઈલ જુઓ તેનો વાંધો નથી પણ ધર્મને સાથે રાખીશું તો અધર્મ અને વિકૃતિઓ મનમાં કે શરીરમાં જલ્દી પ્રવેશી નહિ શકે.

ખેર, સ્થાનિક વિષયને પણ લેખ સાથે જોડી શરૂઆત કરીએ તો સત્સંગની ગયા અંકની આ કોલમમાં સુરતમાં સ્થાપિત ગુરુકુળનો ઉલ્લેખ કરાયેલો કે જ્યાં પૌરાણિક પદ્ધતિ પ્રમાણે ચાલતા આશ્રમમાં 50 થી વધુ બાળકો વૈદિક અભ્યાસ સાથે શસ્ત્ર અને શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે પણ પરિવાર સાથે રહેતાં બાળકો માટે પણ છેલ્લાં ત્રણેક વર્ષથી ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર વિકાસનું કામ કરતા એક સંગઠનની વિગત પણ જાણવા મળી. રાજસ્થાનના જોધપુરમાં શ્રી રામસિદ્ધજી મહારાજના સાંનિધ્યમાં બાળકોને માટે ધર્મનું અને મુખ્યત્વે ગીતાના પઠન, અધ્યયન અને શિક્ષણનું કાર્ય થઈ રહ્યું છે, તેમની જ પ્રેરણા સુરતના વેસુ-ભટાર જેવા પોશ વિસ્તારમાં 18 જેટલાં ગીતાજ્ઞાન કેન્દ્રો પણ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલી રહ્યા છે.

5 થી 15 વર્ષનાં બાળકોને દર શનિ-રવિ ગીતાના શ્લોકનું અર્થ સાથે અધ્યયન કરાવાય છે. સનાતન સંસ્કૃતિ તેમ જ રાષ્ટ્રભાવનાના પાઠ ભણાવાય છે. 1100 થી વધુ બાળા અને બાળકો અહીં નિ:શુલ્ક ધર્મલાભ મેળવે છે. તો 150 થી વધુ 2 વર્ષથી પાંચ વર્ષનાં બાળકોને પણ ગીતાના જ્ઞાન સાથે ધર્મસ્પર્શી કાર્યક્રમો યોજી બાળકોને રોકડ પુરસ્કાર પણ અપાય છે. તાજેતરમાં 8 બાળકોએ કંઠસ્થ કરેલ ગીતા શ્લોકનું પઠન કરતા વૃંદાવનથી પધારેલ ચિત્તરંજન મહારાજે 21,000ના પુરસ્કારથી આશીર્વાદ આપ્યા હતા. 'ગીતા બાળસંસ્કાર'ના નામે ચાલતું આ ધર્મસંગઠન યુવાનો તથા વડીલોને પણ ગીતાજ્ઞાન આપે છે. બાળકોમાં ધર્મજ્ઞાન સાથે સંસ્કાર આ સંગઠન દ્વારા અન્ય બાળકોને પણ ધર્મ પ્રત્યે પ્રેરિત કરે તે માટે બાળમેળાનું પણ 21 ડિસેમ્બર ડી.એ.બી. સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું છે. જેમાં સાત્ત્વિક ભોજનની ગંગાજળમાં બનાવાયેલી વાનગીઓના સ્ટોલ હશે. અહીં સનાતન ધર્મને સ્પર્શતી ગેમ પણ હશે. જ્ઞાન સાથે ગમ્મતનો આ એક નવો પ્રયોગ હશે.

હનુમાન ચાલીસા, ગાયત્રી ચાલીસા, ગીતાના શ્લોક કંઠસ્થ કરવા જેવા થોડા સરળ કહી શકાય તેવા પ્રયાસો બાળકો, યુવાનો કે મોટાઓને ધર્મની નજીક લાવે છે. આગળ ધર્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેરિત કરે છે. વેદ-પુરાણો શીખવા-સમજવા થોડા અઘરા છે પણ શીખવાની લગન હોય તો સરળ થઈ જાય છે. વારાણસી એવું ક્ષેત્ર છે જ્યાં સંસ્કૃત અને સંસ્કૃતિ શીખવતી અનેક પાઠશાળા, ગુરુકુળ અને વિદ્યાલયો છે. દેશભરમાંથી અહીં બાળકો યુવાનો વેદ-પુરાણોનું જ્ઞાન પ્રાપ્ત કરવા આવતા હોય છે. ગયા મહિનાના અંતમાં માત્ર 19 વર્ષના યુવાન તપસ્વી દેવવ્રત મહેશ રેખે 200 વર્ષ પછી ઈતિહાસને પુનઃ દોહરાવ્યો જેની વિગતે વાત કરીએ.

મહારાષ્ટ્રના નાનકડા ગામ અહલ્યાનગરના વેદબ્રહ્મશ્રી વેદજ્ઞાતા મહેશ ચંદ્રકાંત રેખેના જ્ઞાનીપુત્ર વેદમૂર્તિ દેવવ્રત મહેશ રેખે એ વારાણસીની સાંગવેદ વિદ્યાલયનો અધ્યયની ઋષિકુમાર બટુક છે. તેઓ વેદનો અભ્યાસ કરે છે. શુક્લ યજુર્વેદની એક શાખા માધ્યંદિનીના 2000 શ્લોક એમણે કંઠસ્થ કર્યા છે. આ શ્લોક વેદજ્ઞાતાઓના જણાવ્યાનુસાર એટલા અઘરા છે કે તાલબદ્ધ આરોહ-અવરોહ કંઠસ્થ કર્યા પછી પણ ભૂલ વગર બોલવા બહુ જ કઠીન હોય છે. જે દેવવ્રત મહેશ રેખેએ ખૂબ અભ્યાસના અંતે કંઠસ્થ કર્યા છે. તેની કઠીન સાધનાએ દેશભરના વેદજ્ઞાતાઓ અને મહાપંડિતોને અચંબિત કરી દીધા છે. એમણે જે ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે તેને વૈદિક ભાષામાં ''દંડક્રમ પારાયણ'' કહેવાય છે. શુક્લ યજુર્વેદની મંધ્યાંદિની શાખાના 2000 શ્લોક કોઈ સતત બાર કલાક રોજના બોલે તો તે 55 દિવસે પૂર્ણ થાય પણ દેવવ્રત મહેશ રેખેએ રોજના સાડા ત્રણથી ચાર કલાકનું અનુષ્ઠાન ચલાવી માત્ર 50 દિવસમાં પૂર્ણ કર્યા છે. ' દંડક્રમ પારાયણ' વારાણસીના રામઘાટ સ્થિત વલ્લભરામ શાલિગ્રામ સાંગવેદ વિદ્યાલય ખાતે યોજાઈ હતી. દંડક્રમ પારાયણકર્તા અભિનંદન સમિતિના પદાધિકારીઓ ચલ્લા અન્નપૂર્ણા પ્રસાદ, ચલ્લા સુબ્બારાવ, અનિલ કિંજવડેકર, ચંદ્રશેખર દ્રવિડ ધનપાઠી, પ્રૉ. માધવ જનાર્દન રટાટે તથા પાંડુરંગ પુરાણિકની ઉપસ્થિતિમાં યોજાયેલ દંડક્રમ પારાયણ 50 દિવસ પૂર્ણ કરી 30મી નવેમ્બરે વિશ્વની સમક્ષ એક સુવર્ણ પૃષ્ઠનો ઈતિહાસ સર્જ્યો હતો.

દેવવ્રત રેખેની ઉપલબ્ધિ એટલા માટે મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક રેકોર્ડ બન્યો કે આ પહેલા છેક 200 વર્ષ પૂર્વે નાસિકના વેદમૂર્તિ નારાયણ શાસ્ત્રીદેવે આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલી પણ 200 વર્ષ પછી સૌથી નાની વયે આ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી દેવવ્રત રેખેને દેશભરમાંથી અભિનંદન અને

**દેવવ્રત રેખેની ઉપલબ્ધિ એટલા માટે મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક રેકોર્ડ બન્યો કે આ પહેલા છેક 200 વર્ષ પૂર્વે નાસિકના વેદમૂર્તિ નારાયણ શાસ્ત્રીદેવે આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલી પણ 200 વર્ષ પછી સૌથી નાની વયે આ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી દેવવ્રત રેખેને દેશભરમાંથી અભિનંદન અને શુભકામનાઓ મળી રહી છે**

શુભકામનાઓ મળી રહી છે. શૃંગેરી મઠના શંકરાચાર્યે દેવવ્રતને આશીર્વાદ અને સમ્માનના સ્વરૂપે સોનાનું કડું અને 1,01,116 રૂપિયાનો પુરસ્કાર આપ્યો છે. સોશ્યલ મીડિયાના એક્સ પ્લેટફોર્મ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેવવ્રતની પ્રસંશા કરી શુભેચ્છાઓ આપી છે. વિશેષમાં નોંધ પણ કરી હતી કે કાશીના સાંસદ તરીકે પણ કાશીક્ષેત્રના યુવાનની ધર્મક્ષેત્રે અદભુત સફળતાથી ગર્વ અનુભવું છું. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રૂબરૂ મળીને પ્રોત્સાહિત કર્યા હતા. પૌરાણિક સમયમાં રાજા-મહારાજાઓના દરબારમાં ઋષિ-મૂનિ કે મહાપંડિત પ્રવેશ કરતા ત્યારે ખુદ રાજા ઉભા થઈ તેનો સત્કાર કરતા. આજે એવા જ ઉચ્ચ સ્થાને બિરાજતા મુખ્યપ્રધાન કે મુખ્યમંત્રી ધર્મક્ષેત્રની ઉપલબ્ધિને બિરદાવે છે એ સનાતની પરંપરાનું પ્રતિબંબ છે.

દેવવ્રત રેખેની આ સફળતાની વિશેષતા એટલે રહી છે કે વેદપાઠ કરવાના 8 પ્રકારમાં દંડક્રમ પારાયણ એ સૌથી કઠીન પરીક્ષા છે. તેમાં જટિલ સ્વર-સ્વરૂપ, અઘરી ધ્વનિના ક્રમપરિવર્તન તેમ જ વિશિષ્ટ પ્રકારની શૈલીમાં ઉલ્ટા સીધા શ્લોક એક સાથે ક્ષતિરહિત બોલવાના હોય છે. સ્વર, માત્રા, ઉચ્ચાર અને શુદ્ધતા સહિતનું કંઠસ્થ મંત્રગાન મહત્ત્વપૂર્ણ છે.

યજુર્વેદની શુક્લ યજુર્વેદ સંહિતાની મંધ્યાંદિની શાખાના આ મંત્રોની શ્રૃંખલા દ્વારા જીવનની ગંભીર સમસ્યાઓ, કષ્ટો અને શત્રુઓથી મુક્તિ મળે છે. કેટલાક મંત્રો નકારાત્મક શક્તિઓને દંડ આપવાના સ્વરૂપની પ્રાર્થનાઓ છે. મંત્રશક્તિ શુદ્ધ ઉચ્ચારણોથી અવશ્ય અસરકારક નિવડે છે. મહામૃત્યંજય અને ગાયત્રીમંત્રની સકારાત્મક ઊર્જાનો પ્રભાવ વિજ્ઞાને પણ સિદ્ધ કરેલો છે.





|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૭૩

# શ્રીમદ્ ભાગવત - દશમો સ્કંધ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

મહાન વૈષ્ણવાચાર્ય જગતગુરુ 'શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી' શ્રીમદ ભાગવતને 'સમાધિ ભાષા' તરીકે વર્ણવે છે કારણ કે, તેની ભાષા એટલી ગુઢ છે કે સામાન્ય મનુષ્ય તેનો અર્થ સમજી શકતો નથી. એમ કહેવાય છે કે પંડિતોની બુદ્ધિની પરીક્ષા વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રમાં નહીં પરંતુ 'શ્રીમદ ભાગવત'માં થાય છે, કારણ કે શ્રીમદ ભાગવતની પરિભાષા રમણીય અને ગૂઢ છે. શ્રી મહાપ્રભુજીએ વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રને સ્વીકારી, શ્રીમદ ભાગવતને ખૂબ મહત્ત્વ આપ્યું છે અને તેમાં પણ 'દશમા સ્કંધના પૂર્વાર્ધ'નું મહત્ત્વ અનેરું દર્શાવ્યું છે કે જેમાં ભગવાનની બાળલીલા વર્ણવવામાં આવી છે. આ બાળલીલાઓનું રહસ્ય વૈષ્ણવોને સમજાવવા માટે 'તત્ત્વ-દીપનિબંધ' અને 'સુબોધિની' નામની ટીકાઓમાં બાળલીલાના સાત પ્રકારે અર્થ બતાવ્યા છે.

૧. આખા ગ્રંથનું સંક્ષિપ્તમાં રહસ્ય.

૨. ગ્રંથમાં રહેલા બાર સ્કંધોમાં કયા સ્કંધનું શું રહસ્ય છે?

૩. કયા સ્કંધમાં કેટલાં પ્રકરણ છે અને તેમનો પરસ્પર સંબંધ શું છે?

૪. કયા પ્રકરણમાં કયા કયા અધ્યાય છે અને આ પ્રત્યેક અધ્યાયનો અર્થ શું છે? અધ્યાયોમાં આપેલા વિવિધ ઉપાખ્યાનો વચ્ચે શું સંબંધ છે અને તેનો શું અર્થ છે?

ઉપરોક્ત ચાર પ્રકારના અર્થ 'તત્ત્વ-દીપનિબંધ' નામના ગ્રંથના અંતિમ 'શ્રી ભાગવતાર્થ પ્રકરણ' વિભાગમાં સમજાવ્યા છે. બાકીના ત્રણ પ્રકારના અર્થ 'સુબોધિની'માં કર્યા છે, જે નીચે મુજબ છે.

૫. મૂળ શ્લોકનો અક્ષરાર્થ.

૬. પ્રત્યેક વાક્યના અર્થ અને શબ્દોનું રહસ્ય.

૭. પ્રત્યેક પદોમાં રહેલા અક્ષરોના અર્થ.

આ ઉપરાંત શ્રીમદ ભાગવતના બાર સ્કંધોના નામ નીચે મુજબ આપ્યા છે.

૧. અધિકાર ૨. સાધન ૩. સર્ગ ૪. વિસર્ગ ૫. સ્થાન ૬. પોષણ ૭. ઉતી ૮. મન્વન્તરકથા ૯. ઈશાનુકથા ૧૦. નિરોધ ૧૧. મુક્તિ ૧૨. આશ્રય.

આ જ હકીકતને અન્ય કેટલાક જ્ઞાની વિવેચકોએ અન્ય રીતે સમજાવી છે, તે પ્રમાણે સમજીએ તો શ્રીમદ ભાગવત ભગવાનનું 'મૂર્તિમંત સ્વરૂપ' કહેવાય છે. જેમાં પહેલો અને બીજો સ્કંધ ભગવાનના 'ચરણ યુગલ', ત્રીજો અને ચોથો સ્કંધ ભગવાનના 'બાહુ યુગલ', પાંચમો અને છઠો સ્કંધ ભગવાનની 'બે જાંઘો', સાતમો સ્કંધ ભગવાનની 'જમણી હથેળી', આઠમો અને નવમો સ્કંધ ભગવાનના 'સ્તન', અગિયારમો સ્કંધ ભગવાનનું 'મસ્તક', બારમો સ્કંધ ભગવાનની 'ડાબી હથેળી' રૂપ મનાય છે અને ખૂબ અગત્યનો દશમો સ્કંધ ખૂબ રહસ્યમય હોવાના કારણે 'શ્રીમદ ભાગવતનું હૃદય' મનાય છે. શ્રી



વલ્લભાચાર્યજીએ પણ આ દશમા સ્કંધના પૂર્વાર્ધને ખૂબ મહત્ત્વ આપ્યું છે કે જે શ્રીમદ ભાગવતનું હૃદય છે અને જેમાં ભગવાનની બાળલીલાનું નિરૂપણ છે.

શ્રીમદ ભાગવતના દશમા સ્કંધના કુલ ૮૭ અધ્યાય છે. જેમાં શ્રી વલ્લભાચાર્યજીએ ૧ થી ૪૬ અધ્યાયોને 'પૂર્વાર્ધ' અને ૪૭ થી ૮૭ અધ્યાયોને 'ઉત્તરાર્ધ' તરીકે સમજાવ્યા છે. આ દશમા સ્કંધને પાંચ પ્રકરણમાં વહેચવામાં આવ્યા છે. અધ્યાય ૧ થી ૪ ને 'જન્મ પ્રકરણ' કહેવાય છે કે જેમાં ભગવાનના જન્મનું વૃત્તાંત છે. ૫ થી ૩૨ કુલ ૨૮ અધ્યાયને 'તામસ પ્રકરણ' કહેવાય છે. યુગલગીત સુધીનો પ્રસંગ આ તામસ પ્રકરણમાં સમાવેશ થયેલો છે. ભગવાન એવા નિ:સાધન ભક્તોને પ્રાપ્ત થાય છે, કે જેઓ એક પ્રકારથી મૂઢ, સંસારની ખટપટથી અલગ, પ્રપંચ કે યુક્તિથી દૂર રહેતા, શુદ્ધ હૃદયના, સીધાસાદા અને ફક્ત પ્રભુ માટે જ સહજ સ્નેહ રાખવાવાળા હોય છે. માત્ર જ્ઞાન અને કર્મથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી, ભક્તિની પણ વિશેષ જરૂરિયાત છે. આ હકીકત સમજાવવા માટે આ પ્રકરણને 'તામસ પ્રકરણ' કહેવામાં આવે છે. તામસ પ્રકરણના પણ ચાર વિભાગ પાડવામાં આવ્યા છે, જેમાં ૪ થી ૧૧ ને 'પ્રમાણ', ૧૨ થી ૧૮ 'પ્રમેય', ૧૯ થી ૨૫ 'સાધન' અને ૨૬ થી ૩૨ 'ફળ' કહેવાય છે. જ્યારે કોઈ કથા, આખ્યાન કે પ્રવચન 'તામસ ફળ પ્રકરણ' પર રાખવામાં આવ્યું છે તેમ વાંચવામાં આવે ત્યારે સમજવું કે અહીં દશમાં સ્કંધના અધ્યાય ૨૬ થી ૩૨ પર વિવેચન કરવામાં આવનાર છે. આવું જ અન્ય આયોજિત થતાં પ્રવચનો માટે પણ સમજી શકાય.

**ભગવાન એવા નિ:સાધન ભક્તોને પ્રાપ્ત થાય છે, કે જેઓ એક પ્રકારથી મૂઢ, સંસારની ખટપટથી અલગ, પ્રપંચ કે યુક્તિથી દૂર રહેતા, શુદ્ધ હૃદયના, સીધાસાદા અને ફક્ત પ્રભુ માટે જ સહજ સ્નેહ રાખવાવાળા હોય છે**

અધ્યાય ૩૩ થી ૬૦ કુલ ૨૮ અધ્યાયોમાં ત્રીજું 'રાજસ પ્રકરણ' છે. જેમાં બતાવ્યું છે કે 'કર્મોમાં રુચિ રાખનારા' જીવોનો ઉદ્ધાર ભગવાન કઈ રીતે કરે છે. અધ્યાય ૬૧ થી ૮૧ કુલ ૨૧ અધ્યાયોને 'સાત્વિક પ્રકરણ' કહ્યું છે, જેમાં 'જ્ઞાન દ્વારા સાત્વિક બનેલા' જીવોનો ઉદ્ધાર ભગવાન કઈ રીતે કરે છે તે બતાવ્યું છે. છેલ્લા ૬ અધ્યાય 'ગુણ પ્રકરણ' કહ્યા છે. આ પ્રમાણે આખો દશમો સ્કંધ ભગવાન દ્વારા દરેક પ્રકારના જીવોનો સંસારના પ્રપંચથી નિરોધ કયા કયા પ્રકારે થાય તે દર્શાવતા હોવાના કારણે તેનો મુખ્ય અર્થ 'નિરોધ' છે. આ નિરોધની સિદ્ધિ વિવિધ કયા પ્રકારોથી થાય તે બતાવવામાં આવ્યું છે. બધા જીવોની બુદ્ધિ અને પ્રકૃતિ અલગ અલગ હોય છે. કોઈ કર્મમાં આસક્ત હોય છે, કોઈને જ્ઞાનમાં રૂચી હોય છે, તો કોઈ સાધન વગરનો હોય છે. માટે તમામ જીવોના ઉદ્ધારનો માર્ગ એક સરખો નથી હોતો. માટે આ તમામ પ્રકારના જીવોનો ઉદ્ધાર અલગ અલગ કયા પ્રકારે થાય તે દશમા સ્કંધમાં કથા અને ઉપાખ્યાનો દ્વારા સમજાવવામાં આવ્યું છે. આટલી સમજ પછી હવે આવતા લેખથી આપણે શ્રીમદ ભાગવતના દશમા સ્કંધમાં વર્ણવેલી તથા અન્ય પુરાણોમાંથી પણ સંકલિત કરેલી ભગવાનની બાળલીલા અને તેનું વિશેષ સત્ત્વ, તત્ત્વ તથા મહત્ત્વ સમજવા પ્રયત્ન કરીશું.

(ક્રમશઃ)